ગુજરાતમિત્ર

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### ડભોઇના અકોટાદર ગામનો માર્ગ 20 વર્ષ બાદ 86.70 લાખ । ખર્ચે બનાવવા મંજૂરી



**ડભોઈ** : ડભોઇ તાલુકાના અકોટાદર ગામ મા જવાનો માર્ગ મુખ્ય રાજધોરી માર્ગ થી અંદાજીત અઢી કિ.મી.ના અંતર નો લાંબો અને 04 મીટર પહોળો હોય જે માર્ગ પાછલા 20 વર્ષ ઉપરાંતના સમય થી ખુબજ ખખડધજ હાલતમા હતો. વારંવારની અનેક રજુઆતો છતા માર્ગ બનતો ના હતો.ત્યારે જીલ્લા પંચાયત ના ઉપપ્રમુખ અને ધારાસભ્ય ની રજુઆતો ને લઈ માર્ગની રુપિયા - 86.70 લાખ ધારાસભ્ય હસ્તે પૂજાપાઠ બાદ શ્રીફળ વધેરી ખાતમુહૂર્ત કરાયું હતું.

### કપડવંજ તાલુકાના તેલનાર ગામના ડોક્ટરની વર્ગ-2ની નિમણૂંક થઈ




**કપડવંજ** : કપડવંજ તાલુકાના તેલનાર ગામના વતની શ્રી જગદીશભાઈ રામાભાઈ પટેલના સુપુત્ર ડો. શુભમકુમાર પટેલને આજ રોજ કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ મંત્રાલયના કેબિનેટ મંત્રીશ્રી ના હસ્તે સચિવાલય ખાતે પશુચિકિત્સા અધિકારી વર્ગ -૨ તરીકે નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યો, ઉતીર્ણ થયા હતા અગ્રણીઓ અને શુભેચ્છાકો એ.ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા

### કપડવંજમાં સમર્પણ યુવા સંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વસ્ત્રદાન કરાયું



**કપડવંજ** : કપડવંજમાં સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા 21/10/24 થી 25/10/24 સુધી કપડવંજ ટાઉનહોલની બહાર સવારે 10 થી રાતના 10 કલાક સુધી કપડવંજ તાલુકાની જનતા એ તમારા ઘરે જુના કપડા છે તો દિવાળીએ જુના વસ્ત્રો ધોઈ પ્રેસ કરી આપી જવા જેથી દિવાળીમાં કોઈના ચહેરાને સ્મિતનું વરદાન આપો તેવા આહવાન સાથે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે તેમ સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું.

### કપડવંજ તા.ના નવાપુરા ગામના ખેડૂતની દીકરીની BSFમાં ભરતી



**કપડવંજ** : કપડવંજ તાલુકાના નવાપુરા ગામના 42 ગામ કડવા પાટીદાર ખેડૂત અગ્રણી રશ્મિકાંત પટેલ ની દીકરી અંજલી રશ્મિકાંત પટેલ જેઓ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) માં ભરતી થઈને નવ મહિનાની પંજાબ હોશિયારપુરમાં ટ્રેનિંગ પૂર્ણ કરી પાસિંગ આઉટ પરેડ કસમ પરેડ કરીને માદરે ગામ નવાપુરા માં આવ્યા હતા જેઓ નું ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કરી ને આવકાર્યા હતા.

### રપમીએ બોડેલી ,સંખેડા અને છોટાઉદેપુર તાલુકામાં ''સેવા સેતુ કાર્યક્રમ'' યોજાશે

**બોડેલી** : બોડેલીમાં ૩૨ ગામો, સંખેડામાં ૩૫ ગામો અને છોટાઉદેપુરમાં ૫૩ ગામના લોકોને આધારકાર્ડ, રેશનકાર્ડમાં સુધારા વધારા સહીત જુદા જુદા વિભાગોની વિવિધ સેવાઓનો ઘરઆંગણે લાભ મળશે છોટાઉદેપુરઃગુરુવારઃ- રાજય સરકાર દ્વારા નાગરિકોના પ્રશ્નોને હલ કરવા પ્રજાની લાગણી- માગણી- અપેક્ષાઓ પરીપૂર્ણ કરવા માટે દશમા તબકકાના ''સેવા સેતુ કાર્યક્રમ''નું આયોજન રાજ્યભરમાં કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ૨૫મી ઓક્ટોબરે બોડેલી તાલુકાની ઉચાપાન માધ્યમિક શાળા, સંખેડા તાલુકામાં બહાદરપુર ગ્રામ પંચાયત પાસે અને છોટાઉદેપુર તાલુકામાં રંગપુર આશ્રમ શાળા ખાતે ''સેવા સેતુ કાર્યક્રમ'' યોજાશે. જેમાં બોડેલીમાં ૩૨ ગામો, સંખેડામાં ૩૫ ગામો અને છોટાઉદેપુરમાં ૫૩ જેટલા આસપાસ ગામનાં નાગરિકોને લાભ મળશે. નાગરિકોને આધારકાર્ડ, રેશનકાર્ડમાં સુધારા વધારા સહીત જુદા જુદા વિભાગોની વિવિધ સેવાઓનો ઘરઆંગણે લાભ મળશે.

આ સેવા સેતુ કાર્યક્રમમાં વિભાગવાર આવક/જાતિના દાખલા, રેશનકાર્ડમાં નામ દાખલ, નામ કમી, નામ સુધારો તથા E-KYC ની કામગીરી, આધારકાર્ડને લગતી કામગીરી, PMJAY માં અરજી, મફત હેલ્થ ચેકઅપ, કૃષિ, પંચાયત, પશુપાલન, સમાજકલ્યાણ, અને જનકલ્યાણકારી સેવાઓના લાભો લેવા નાગરિકોને અનુરોધ કરાયો છે.

---

**આખલો છાશવારે લોકોને સિંગડે ભેરવી હવામા ફંગોળી પટકી રહ્યો છે**

## વઢવાણા ગામે આખલાએ સિંગડે ભેરવતા ડઝનથી વધુ લોકો ઈજાગ્રસ્ત

**બેકાબુ** આખલાથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે

(પ્રતિનિધિ) ડભોઈ તા.24

ડભોઇ તાલુકાના વઢવાણા ગામે પાછલા એક માસ થી માથાફરેલ આખલો ક્યાંક થી ગામ મા આવી ચડ્યો છે.ઉભા ખેતરો ના ભેલાણ,ખડી મા સુકવેલ ડાંગરો ના મોલ નો બગાડ કરવા સહીત ગામ લોકો ને છાશવારે સિંગડે ભેરવી હવામા ફંગોળી પટકી રહ્યો છે.જેના કારણે એક ડઝન થી વધુ લોકો અત્યાર સુધી ઈજાગ્રસ્ત થયા છે.જેથી બાળકો મહીલાઓ અને ખેતમજુરો મા આખલા ના ભય થી ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.આશ્ચર્ય ની વાત તો એ છે કે પાછલા એક માસ થી વઢવાણા ગામ ના લોકો ને આખલાએ બાન મા લીધેલ હોવા છતા વનવિભાગ બેખબર છે.



કહેવાય છે કે " કામધેનુ ને ના મળે સુકુ તણખલુ,લીલા છમ ખેતરો આખલા ચરી જાય " આ ઉક્તિ ને સાર્થક કરતો બનાવ વઢવાણા થી સામે આવી રહ્યો છે. જેમા વઢવાણા ગામ મા પાછલા એક માસ થી ઉભા ખેતરો મા ભેલાણ કરતા બેકાબુ આખલાથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ખડી મા સુકવેલા ધાણ ને બગાડી રહ્યો છે.તો ગામ મા અડફેટે ચઢતા લોકો ને સિંગડે ભેરવી હવામા ફંગોળી રહ્યો છે. કાળા ડીબાંગ આખલા થી મહીલાઓ અને બાળકો પારેવાની જેમ ફફડી રહ્યા છે. કારણ કે અત્યાર સુધી એક ડઝન થી વધુ લોકો ને આખલા એ સિંગડે ભેરવી ફંગોળી દેતા ઈજાગ્રસ્ત થયા છે. જેમા મહીલાઓ અને પુરુષો નો પણ સમાવેશ થાય છે.જ્યારે સદ્દ્નશીબે હજુ સુધી કોઈ આખલા ને ઝપટે ચઢ્યુ નથી.

## ઓટોરિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા. 24

દાહોદ જિલ્લાના ફતેહપુરા તાલુકાના એક યુવક તથા તેના ભાઈ ભાભી સહિત ઓટોરિક્ષામાં ડિલિવરી માટે સંતરામપુર હોસ્પિટલ તરફ જતા હતા તે દરમિયાન સામેથી પૂરઝડપે આવેલી બાઈકે અકસ્માત સર્જતાં રિક્ષામાં સાઇડમાં બેઠેલા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેને સંતરામપુર પ્રાથમિક સારવાર બાદ વડોદરાની એસ.એસ. જી.હોસ્પિટલમાં લાવતા તેને મરણ જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, દાહોદ જિલ્લાના ફતેહપુરા તાલુકાના જેર ગામે આવેલા ડામોર ફળિયામાં રહેતો ભેમાભાઈ નટુભાઈ ડામોર નામના 30 વર્ષીય યુવક પોતાના ભાઈ ધનજીભાઈની પત્નીને ડિલવરી હોય ભાઈ તથા અન્ય લોકો સાથે ઓટોરિક્ષામા ગત તા. 23ઓક્ટોબરે સંતરામપુર હોસ્પિટલ જતા હતા તે દરમિયાન સામેથી ગફલતભરી રીતે બાઇક ચાલકે બાઈક હંકારતા ઓટોરિક્ષા સાથે અકસ્માત સર્જ્યો હતો જેમાં રીક્ષામાં સાઇડમાં બેઠેલ ભેમાભાઇ સહિત તેઓના ભાઈને અને અન્ય લોકોને વતી ઓછી ઈજાઓ થઇ હતી પરંતુ ભેમાભાઇ ને માથામાં અને શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજા પહોંચતા તેમને પ્રથમ સારવાર અર્થે સંતરામપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાંથી વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ. જી.હોસ્પિટલ ખાતે રિફર કરી લાવતા રાત્રે બાર વાગ્યાની આસપાસ ફરજ પરના તબીબોએ ઈજાગ્રસ્ત યુવકને મૃત જાહેર કરી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

---

**જુદી જુદી સોસાયટીમાં લાખો રુપિયાના વિકાસના કામો મંજુર કરાયા**

## પાદરા ન.પા.ની સામાન્ય સભામાં વિકાસના કામો ને સર્વાનુમતે મંજૂરી

**આગણવાડી** કેન્દ્રને વેરામાંથી મુક્તિ આપવા મંજૂરી અપાઇ

(પ્રતિનિધિ) પાદરા તા.24

પાદરા નગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં એસ.જે. એમ.એમ.એસ.વી.વાય. જન ભાગીદારી અંતર્ગત જિલ્લા આયોજન એકમ વડોદરા દ્વારા 20% નો લોક ફાળો પાદરા ના ધારાસભ્ય તરફથી ફાળવવામાં આવેલ છે જેને લઈને સામાન્ય સભાની મંજૂરી ની અપેક્ષાએ જુદી જુદી સોસાયટીમાં લાખો રૂપિયા ના વિકાસના કામો મંજુર કરવામાં આવ્યા હતા.

આજ રોજ પાદરા નગર પાલિકાના પ્રમુખ મનીષાબેન પટેલ તેમજ ઉપપ્રમુખ અને સચિન ગાંધી ના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં ગત સામાન્ય સભાનું તેમજ કારોબારી સમિતિનું પ્રોસીડીંગ વંચાને લઇ બહાલી આપવામાં હતી. પેવર બ્લોક રોડ રસ્તા સહિતના કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા એસ.જે.એમ.એમ. એસ.વી.વાય. મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત પ્રમુખના હુકમ મુજબ નગરપાલિકા વિસ્તારમાં આરસીસી રોડ નું રિફ્રેશિંગ તથા રીપેરીંગ દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.



**અભયમની અસરકારક સમજાવટથી યુવકને પોતાની ભૂલ સમજાઇ**

## ઓનલાઈન ગેમના રવાડે દેવું થતાં સાચો માર્ગ ચિંધતુ અભયમ, પાદરા

(પ્રતિનિધિ) પાદરા તા.24

ખાનગી સિક્યુરિટીમા ફરજ બજાવતા પિતા અકસ્માતને પગલે પથારીવશ થતાં ઘરનો સંપૂર્ણ આધાર પુત્ર પર હતો

આજકાલ નૈસર્ગિક રમતોનુ સ્થાન ઈન્ટરનેટે લ ઈ લીધું છે. હાલમાં મોબાઈલ ફોન હાથવગું બની ગયું છે લોકો તેના ઉપયોગ કરતાં તેમાં આવતી લોભામણી જાહેરાતો તથા રાતોરાત લખપતિ બનવાની ખેવનામા બરબાદીના રસ્તે જ ઈ રહ્યાં છે.ઓનલાઈન ગેમ અને લોનથી બરબાદ થતાં યુવકોના અનેક કિસ્સાઓ દિનપ્રતિદિન વધી રહ્યાં છે જે સમાજ માટે લાલબતી સમાન છે. આવોજ એક કિસ્સો ગતરોજ એક મહિલાએ 181મહિલા હેલ્પ લાઈનમાં કોલ કરી પોતાની વ્યથા રજૂ કરતા જણાવ્યું હતું કે, દીકરો ફેકટરીમાં નોકરી કરે છે પરંતુ પગાર આપતો નથી અને પગાર વપરાય જાય પછી ઘરે આવે છે આ મોઘવારીમાં ગુજરાન કઇ રીતે ચલાવવું તે ખુબ જ મૂશ્કેલ બની ગયું છે.ત્યારે 181 અભયમ પાદરા ટીમે સ્થળ પર પહોચી યુવાન સાથે અસરકારક કાઉન્સિલગ કરતા જાણવા મળ્યું હતું કે,યુવક ઓનલાઈન ગેમમાં ટાસ્ક હારી જતાં લોન લીધી હતી જેનાં દર મહિને વ્યાજ સાથેનો હપ્તો ભરવાનો હોવાથી પગારમાંથી કઈ જ બચતું નથી.જેથી અભયમ ટીમે યુવકને કરકસર અને બીજું એક્ટ્રા કામ કરી આવક ઊભી કરવાં અને અડધી રકમ ઘર નિર્વાહ માટે આપવા સંમત કર્યા હતાં.

CALL 181 મહિલા હેલ્પલાઇન

સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

મળતી માહિતી મુજબ, મધ્યમ વર્ગી યુવાન ઓનલાઈનમાં ગેમમાં ટાસ્ક હારી જતા ઉંચા વ્યાજે દોઢ લાખ રૂપિયા લોન લીધી હતી જે ભરપાઈ કરવાંનુ ઓછા પગારમાં મૂશ્કેલ હતું. આમ પારિવારિક સમસ્યાના હલની દિશામાં અભયમ દ્વારા સફળ પ્રયત્ન કરવામા આવ્યો હતો.

---

## જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારના પ્રશ્નોનું નિરાકરણ

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

લોકપ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિમાસ યોજાતા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા પ્રસ્તુત થયેલા ૧૮

પ્રશ્નો પૈકી ૧૧ પ્રશ્નોનું સુખદ નિવારણ લાવવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં આજે જિલ્લા કલેકટરશ્રી

અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં યોજાયેલા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોની રજૂઆત સાંભળ્યા બાદ કલેક્ટરશ્રીએસંબંધિત અધિકારીઓને સરકાર દ્વારા નિયત કરાયેલા નિયમો મુજબ પ્રશ્નોને પ્રાથમિકતા આપી તાત્કાલિક ઉકેલ લાવવાજણાવ્યું હતું.

જિલ્લા સ્વાગતમાં કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ સમક્ષ જમીન વળતર, જમીન માપણીમાં ક્ષતિ, દબાણ, ગટરકનેક્શન અને બાયો મેડિકલ વેસ્ટ યુનિટ બંધ કરવા સહિતના પ્રશ્નો ઉપસ્થિત થયા હતા.

ઉક્ત પ્રશ્નો પૈકી એક અરજદારની પોતાની જમીનની માલિકી બાબતે એન્ટ્રીમાં ક્ષતિ સુધારા બાબતનીરજૂઆતનો સુખદ ઉકેલ આવ્યો હતો. આ સંદર્ભે ક્ષતિ સુધારો કરવાનો હુકમ કરીને ગણતરીના દિવસોમાં બહાલી આપવામાં આવશે. અન્ય એક પ્રશ્નમાં અરજદારની રજૂઆત નિયમોની વિરૂદ્ધ ચાલતા બાયો મેડિકલ વેસ્ટ યુનિટ બંધ કરાવવા બાબતની હતી. જે અંગે કલેક્ટરશ્રીએ સંબંધિત કચેરીને તાત્કાલિક કાયદેસર કાર્યવાહી કરવા કહ્યું હતું.

## કપડવંજ તાલુકાના સોનીપુરા ગામનું ગૌરવ



(પ્રતિનિધિ) કપડવંજ તા.24

કપડવંજ તાલુકાના સોનીપુરા ગામના શ્રી પુનમચંદ જયંતિ ભાઈ રેવાભાઈ પટેલ ની સુપુત્રી ચિ. ડૉ.રૂચિ પટેલ પશુ ચિકિત્સક ઓફિસર વર્ગ ૨ તરીકે આજરોજ કૃષિ પશુપાલન અને મત્સ્ય ઉધોગ મંત્રાલય ના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજી પટેલ ના હસ્તે પશુ ચિકિત્સક ઓફિસર વર્ગ-2 તરીકે નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યો અને લાલદરવાજા જીલ્લા પંચાયત અમદાવાદ ખાતે નિમણૂંક પામવા શુભેચ્છાઓ પાઠવી હતી.

## દિવાળી પર્વને લઈ સંખેડાના કલર બજારોમાં રંગોળીના કલરનું ધૂમ વેચાણ



**સંખેડા** : સંખેડામાં દિવાળી પર્વને લઈને રંગોળીના કલર બજારોમાં ખૂમ વેચાણ જ્યારે ઘરનો અંગણો પાંચ દિવસ સુધી અલગ અલગ રંગોળીના કલરોથી સુશોભિત થઈ જાય છે. દિવાળીમાં ઘર આંગણે રંગોળી સુશોભિત થાય છે દિવાળીનું પર્વ નજીક આવતા સંખેડાના બજારોમાં ધીમે ધીમે પરાકી જોવા મળી રહી છે. અલગ અલગ કલર વાળી રંગોળી થી આંગણું સુશોભિત થઈ જાય છે. રંગોળી પાડવા માટે કલાકો સુધી મહિલાઓ મહેનત કરતી હોય છે. દિવાળીનુ પર્વ નજીક આવતા કાપડ બજાર તેમજ જીવન જરૂરી ચીજવસ્તુઓનાં બજારોમાં તેમજ પર સજાવવા માટે ઇલેક્ટ્રોનિક સામાનના બજારોમાં ઘરાકી જોવા મળી રહી છે. આ વખતે ઈલેક્ટ્રોનિક સમાનમાં અવનવી લાઈટો અને ઝુમ્મરો પણ જોવા મળી રહ્યા છે. વેપારીઓ હજારો રૂપિયાનો રોકાણ કરી દુકાનોમાં સામન સહીતની વસ્તુઓ વેચવા માટે ભરી દીધી હતી પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી બજારો સૂમસામ રહેતા મંદીનું મોજું બજારોમાં ફરી વળતા વેપારીઓ ચિંતામાં મુકાઈ ગયા હતા.

---

## વડાપ્રધાનના નેતૃત્વથી પ્રેરાઈને યુવતી કોલેજથી સરપંચ બની

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડાપ્રધાનશ્રીના નેતૃત્વથી પ્રેરાઇ એક યુવતી કોલેજ પાસઆઉટ થઈ સીધી બની ગામની સરપંચ બની.

વડોદરા નજીક દુમાડ ગામના કલ્પનાબેન ચૌહાણ ગુજરાતના સૌથી યુવાન સરપંચ બન્યા આને કહેવાય સરપંચ:સરપંચ બનતાની સાથે પંચાયતની આવકમાં કરી વૃદ્ધિ, ગામને ચોખ્ખુ ચણાક કરતા રાષ્ટ્રપતિએ કાર્યક્રમમાં આમંત્ર્યા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહિલા સશક્તિકરણ અને નેતૃત્વના ગુણોથી પ્રેરાઈને વડોદરાની ૨૪ વર્ષીય વિદ્યાર્થિની ગામની સરપંચ બની છે. હાલમાં સમાજકાર્ય વિષય સાથે અનુસ્નાતકનો અભ્યાસ કરી રહેલી આ છાત્રા માત્ર ૨૨ વર્ષની ઉંમરે આ પદ ધારણ કરી, ગુજરાતની સૌથી યુવા સરપંચ બની છે. સરપંચ બનતાની સાથે તેમણે ગામને સ્વચ્છ બનાવવાની સાથે પંચાયતની આવકમાં પણ વૃદ્ધિ કરાવી દીધી છે.

વડોદરાની ભાગોળે આવેલા દુમાડ ગામના સૌથી યુવા સરપંચ શ્રી કલ્પનાબેન ચૌહાણને જૂઓ તો માન્યામાં જ ના આવે કે આવો યુવાન ચહેરો એક આખા ગામનું નેતૃત્વ કરતો હશે, પણ આ હકીકત છે. ગામની આ દલીત દીકરી દુમાડના વિકાસ અને સ્વચ્છતા માટે તનતોડ મહેનત કરી રહી છે.

ડિસેમ્બર - ૨૦૨૨ દરમિયાન યોજાયેલી ચૂંટણીમાં એક હજાર જેટલા મતોથી વિજેતા બનેલા કલ્પનાબેને ૧૭-૦૧-૨૦ના રોજ દુમાડ ગામના સરપંચનું પદ ગ્રહણ કર્યું. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૨ વર્ષ અને બીકોમનો અભ્યાસ પૂર્ણ કોલેજમાંથી સ્નાતક થઈ તાજેતાજા બહાર આવ્યા હતા.

## BAPSના મહંતસ્વામીના હસ્તે નવયુવાનોએ દિક્ષા ગ્રહણ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

તા.૨૩ ઓક્ટોબર, બુધવારના રોજ તીર્થધામ શ્રી અક્ષર મંદિર, ગોંડલ ખાતે BAPS સંસ્થાના પ્રમુખ પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં, સંસ્થાના ૬૫૦થી વધુ સંતો અને દીક્ષાર્થીના માતા-પિતા તેમજ

કુટુંબીજનોની હાજરીમાં દિવ્ય પાર્ષદી દિક્ષા મહોત્સવસંપન્ન થયો હતો. જેમાં ૨ ડૉકટર, ૪ અનુસ્નાતક, ૧૧

એન્જીનીયર, ૭ સાયન્સ ગ્રેજ્યુએટ અને ૪ અન્ય ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ કરનાર યુવકો સહિત કુલ ૨૯ સુશિક્ષિતનવયુવાનોએ મહારાજના વરદ હસ્તે દિક્ષા ગ્રહણ કરી હતી. દીકરાને ભગવાન ભજવાના પંથે પ્રયાણ કરવાના પ્રસંગે, દીક્ષાર્થી યુવાનોના માતા-પિતા ખૂબ જ આનંદિતહતા. લગ્નમાં જેમ વરરાજાના માતા-પિતા નવા વસ્ત્રો, ઘરેણાઓ પહેરીને સજ્જ થયા હોય, એવો અતિશય આનંદમાતા-પિતા અને તમામ કુટુંબીજનોના મુખ પર દેખાઈ રહ્યો હતો.

